**નામદાર એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ નં.૧૦માં**

**ફોજદારી કેસ નં.– 5521/24**

**<u>પ્લી લગત હુકમ</u>**

આ કામે ફરીયાદ પક્ષે આરોપી ઉપર **પ્રોહીબીશન એકટની કલમ – ૬૬(૧)(બી) ૮૫(૧)(૩)** મુજબના ગુનાનો આરોપ મુકેલો છે. આરોપીએ સ્વૈચ્છીક રીતે ગુનો કબુલ કરી ગુના કબુલાત પુરસીસ કામમાં દાખલ કરેલી છે. તે રીતે આરોપીનુ પ્રાથમિક નિવેદન લેતાં આરોપીએ સ્વૈચ્છીક રીતે ગુનાનો સ્વીકાર કરી એવી રજુઆત કરી છે કે તેઓનો હાલનો પ્રથમ ગુનો છે. તેમની આર્થીક પરિસ્થિતી ખુબ જ નબળી છે. હવે પછી આ પ્રકારની ભુલ કરશે નહી. દયા કરી તેમને હળવી રકમનો દંડ કરવા અરજ કરેલ છે. આરોપી તેની સામેના આક્ષેપોનો સ્વીકાર કરતા હોય, આ ગુનાની કબુલાત સ્વૈચ્છીક હોવાની ખાતરી કરેલ છે. આરોપી ગુનાનો સ્વીકાર કરતા હોય તેમને તકસીરવાન ઠરાવ્યા સીવાય આ અદાલત પાસે બીજો કોઈ વિકલ્પ નથી. આ કામના આરોપીની રજુઆત તેમજ આર્થીક, સામાજીક, કૌટુબીક પરીસ્થીતી નજર સમક્ષ રાખતા આરોપીને હળવી રકમનો દંડ કરવામા આવે તો ન્યાયનો હેતુ સરે તેમ છે. તે રીતે નામ.ગુજરાત હાઈકોર્ટના ચુકાદા STATE OF GUJARAT V/S. NATVAR HARKHACHANDJI THAKOR 2005(1) G.L.P.709: 2005(1) GCD 749 મા ઠરાવેલ સિધ્ધાંતો નજર સમક્ષ રાખતાં કાયદામાં ઠરાવેલ લઘુતમ સજા કરતા પણ ઓછી સજા ખાસ સંજોગોમાં અદાલત કરી શકે છે તેવુ ઉપરોકત ચુકાદામા ઠરાવેલુ છે. જે મુજબ નીચે મુજબનો હુકમ ફરમાવવામાં આવે છે.

**<u>આખરી હુકમ</u>**

આ કામના આરોપીને ક્રિ.પ્રો.કોડની કલમ: ૨૫૨ અન્વયે પ્રોહીબીશન એકટની કલમ:– **૬૬(૧) બી) ૮૫(૧)(૩)**મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવી પ્રત્યેક આરોપીને રૂા. ૫૦૦/– પાંચસો રૂપિયા પુરા નો દંડ તથા કોર્ટ ઉઠતા સુધીની સજા ભોગવવાનો હુકમ ફરમાવવામા આવે છે અને જો આરોપી દંડ ન ભરે તો દિન–૩(ત્રણ) ની સાદી કેદની સજા ભોગવવાની રહેશે.

તા.૦૯.૦૩.૨૦૨૪
અમદાવાદ.

(જે. એસ. શાહ)
એડી. ચીફ મેટ્રો. કોર્ટ નં.૧૦,
અમદાવાદ.